**ફોજદારી કેસ નં. ૩૬૦૫/૨૦૨૫**

**ફરિયાદીની દસ્તાવેજો આંકે પાડવાની અરજી આંક–૫ લગત હુકમ**

સાંભળ્યા. અરજી તથા રેકર્ડ વંચાણે લીધું. ફરિયાદીએ આંક–૩થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે. હાલની અરજી લાવી ફરિયાદી તરફે માર્ક ૩/૧ થી ૩/૧૯ના દસ્તાવેજોને આંક આપવા વિનંતી કરેલ છે. કેસનું રેકર્ડ જોતા ફરિયાદી તરફે રજુ થયેલ આંક–૩ના દસ્તાવેજી પુરાવા લીસ્ટના ક્રમ નંબર ૧૧ થી ૧૬ આર.ટી.જી.એસ.ની રસીદો દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં સામેલ નથી. જે બાબતે ગત તા.૧૫/૦૧/૨૦૨૬ના રોજ ફરિયાદીના વિ.વકીલશ્રીનું ધ્યાન દોરવામાં આવેલ હતું અને માર્ક ૩/૧૧ થી ૩/૧૬ના દસ્તાવેજો ફરિયાદ દાખલ કરતી વખતે રજુ રાખવામાં આવેલ હતા કે શરતચુકથી રજુ રાખવાના રહી ગયેલ છે. જે બાબતે આજરોજ ફરિયાદીના વિ.વકીલશ્રી દ્વારા અત્રેની કોર્ટને જણાવેલ છે કે ફરિયાદી કે તેમની પાસે માર્ક ૩/૧૧ થી ૩/૧૬ના અસલ દસ્તાવેજો નથી પરંતુ તેઓ પાસે રહેલ કેસ કાગળોની નકલમાં સદર દસ્તાવેજોની નકલો રહેલ છે. જે સમગ્ર હકીકત ધ્યાને લેતા માર્ક ૩/૧૧ થી ૩/૧૬ના દસ્તાવેજો કેસના રેકર્ડમાં ન હોય તેને આંક આપી શકાય તેમ નથી. જો ફરિયાદી સદર માર્ક ૩/૧૧ થી ૩/૧૬ના દસ્તાવેજોની તેમની પાસે રહેલ નકલો રજુ કરી આંક આપવા કાર્યવાહી કરશે તો તે ધ્યાને લઇ યોગ્ય ન્યાયિક હુકમ પસાર કરવામાં આવશે. આ ઉપરાંતના અન્ય દસ્તાવેજો કેસનો ન્યાયિક નિર્ણય કરવા સારુ પુરવાર કરવાની શરતે આંકે પાડવાનું ન્યાયોચિત જણાય છે. જે હકીકત ધ્યાને લેતા ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

– ફરિયાદીની દસ્તાવેજો આંકે પાડવાની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

– માર્ક ૩/૧ થી ૩/૧૦ તથા ૩/૧૭ થી ૩/૧૯ના દસ્તાવેજોને અનુક્રમે દા.આંક–૧૬ થી આંક–૨૮ આપવાનો હુકમ કરવામાં આવે છે.

**પોરબંદર**
**તારીખ : ૨૩/૦૧/૨૦૨૬**

**(હાર્દિકકુમાર પ્રદીપભાઇ ચાવડા)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**પોરબંદર**
**જી.જે.૦૧૭૩૫**